
ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

મંગળવાર ૪ ઓગસ્ટ ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!



## દરિયાઈ પરંપરા, રાજવંશી વારસો અને ગામઠી એકતાની જીવંત ઓળખ સમાન ખંભાત તાલુકાનું ગામ

# ધુવારણ




## સ્કંદ પુરાણથી લોકબોલી સુધીનો જીવંત પૌરાણિક વારસો મહિસાગર કિનારે આવેલા ધુવારણની દિવ્ય ગાથામાં સચવાયેલો છે


ખંભાત તાલુકાનું દરિયાકાંઠે વસેલું ધુવારણ ગામ વિશિષ્ટ ભૌગોલિક સ્થાનની સાથે સાથે અનોખી ઓળખ પૌરાણિક ગાથા અને આધ્યાત્મિક પરંપરાથી પણ ગાઢ રીતે જોડાયેલું છે. ગામમાં પ્રચલિત માન્યતા મુજબ આ પવિત્ર સ્થળનો ઉલ્લેખ સ્કંદ પુરાણમાં કરવામાં આવ્યો છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર પ્રાચીન સમયમાં રાજા ઈન્દ્ર ધુમનેશ્વરે મહિસાગર નદીના પવિત્ર તટે ભગવાન મહાદેવની સ્થાપના કરી હતી. આ દિવ્ય સ્થાપનાને કારણે અહીંનું મંદિર આજે ઈન્દ્ર ધુમ્મેશ્વર મહાદેવ તરીકે દૂર દૂર સુધી પ્રસિદ્ધ છે. સ્થાનિક પરંપરા મુજબ ભગવાન શિવની આરાધના અને તપશ્ચર્યા બાદ રાજા ઈન્દ્ર ધુમનેશ્વરે રાજપાટનો ત્યાગ કરી સંન્યાસ ધારણ કર્યો હતો. તેમણે મહિસાગર કિનારે આશ્રમની સ્થાપના કરી ઋષિ જીવન અપનાવ્યું હતું. આથી ધુવારણને માત્ર મંદિર ધરાવતું ગામ નહીં, પરંતુ તપ, સાધના અને ઋષિ પરંપરાની ભૂમિ તરીકે ઓળખવામાં આવે છે. ગામના વડીલો જણાવે છે કે આ વિસ્તારનું મૂળ નામ ધુમનેશ્વર રાજાના નામ પરથી પ્રચલિત થયું હતું. સમય જતાં લોકબોલી, ઉચ્ચાર અને ભાષાના પરિવર્તનને કારણે “ધુમનેશ્વર” શબ્દનું અપભ્રંશ થઈ આજે “ધુવારણ” નામ વ્યાપક રીતે સ્વીકારાયેલું છે. આ નામ પરિવર્તન પાછળની લોકગાથા ગામની સાંસ્કૃતિક સ્મૃતિનો મહત્વનો ભાગ બની ગઈ છે. મહિસાગર નદી અને ખંભાતના અખાતના સંગમ વિસ્તાર પાસે આવેલું ધુવારણ પ્રકૃતિ અને આધ્યાત્મિકતાનો અનોખો સંગમ રજૂ કરે છે. વિશાળ દરિયાકિનારો, પ્રાચીન મંદિર અને પૌરાણિક માન્યતાઓ આ સ્થળને વિશિષ્ટ ધાર્મિક અને ઐતિહાસિક ઓળખ આપે છે. આજે પણ ઈન્દ્ર ધુમ્મેશ્વર મહાદેવનું પવિત્ર સ્થાન ભક્તોની અખંડ શ્રદ્ધા અને ધુવારણના ગૌરવશાળી ઈતિહાસનું જીવંત પ્રતીક બની રહ્યું છે.

ધુવારણ ગામ ઉત્તર અક્ષાંશ ૨૨ ૧૪’ અને પૂર્વ રેખાંશ ૭૨ ૪૯’ પર આવેલું છે. જિલ્લા મથક આણંદથી આશરે ૪૫ કિલોમીટર અને તાલુકા મથક ખંભાતથી લગભગ ૨૨ કિલોમીટર દૂર આવેલું છે. પ્રાચીન સમયથી જ વિશેષ ઓળખ ધરાવે છે. સ્થાનિક પરંપરા મુજબ ખંભાતના નવાબી શાસન અને અંગ્રેજ શાસન દરમિયાન પણ ધુવારણનું મહત્વ અખંડ રહ્યું હતું. મહી નદીના સામા કિનારે ભરૂચ જિલ્લાના સારોદ અને કાવી ગામ અને આણંદ જિલ્લાના ધુવારણનુ નદીકાંઠાનું સ્થાન અને દરિયાઈ માર્ગ સાથેનો સંબંધ ગામને પ્રાચીન સમયમાં વેપાર અને અવરજવર માટે મહત્વપૂર્ણ સ્થળ બનાવતો હતો. ગામના વડીલો આજે પણ નદી માર્ગે થતી જૂની અવરજવર અને વહાણ વ્યવહારની વાતો ગૌરવભેર યાદ કરે છે.

ધુવારણનો ઈતિહાસ સારોદ (ભરૂચ)ની ઠાકોર ગાદી સાથે જોડાયેલો માનવામાં આવે છે. પાટ ગામોની વહેંચણી વખતે ઠાકોર કરણસિંહ સિંધા ઉર્ફે કુંભાજી (કલ્યાણસિંહ)ને પાંચ ગામનો ગરાસ મળ્યો હતો અને ત્યારથી ધુવારણ સિંધા ક્ષત્રિય ગરાસિયાઓનું મુખ્ય ગામ તરીકે વિકસ્યું હોવાનું સ્થાનિક ઈતિહાસકારો જણાવે છે. સમય જતાં વચલાપુરા, ઉગમણાપુરા, આથમણાપુરા અને રત્નેશ્વર વિસ્તાર સુધી ગામનો વિસ્તાર વિસ્તરતો ગયો. ગામમાં મુખ્યત્વે સિંધા ક્ષત્રિય ગરાસિયા સમાજ વસે છે, પરંતુ ગોહિલ, ચુડાસમા, વાઘેલા, જાડેજા, ચૌહાણ, રાઠોડ, બ્રાહ્મણ, ઠાકોર, સુથાર, પરમાર, પઢિયાર, રબારી, રાવળ, દેવીપૂજક અને વાલ્મિકી સમાજના પરિવારો પણ વર્ષોથી સુમેળભેર વસવાટ કરે છે. વિવિધ સમાજો વચ્ચેની એકતા, પરસ્પર સહકાર, ધાર્મિક પ્રસંગોમાં સહભાગિતા અને ગામના વિકાસકાર્યોમાં સામૂહિક ભાવના ધુવારણની સૌથી મોટી ઓળખ બની છે.




**ધુવારણનું ઈન્દ્ર ધુમ્મેશ્વર મહાદેવનું પવિત્ર સ્થાન શ્રદ્ધા અને ગૌરવશાળી ઈતિહાસનું જીવંત પ્રતીક બનેલુ છે**



**ભારતની બીજી પંચવર્ષીય યોજના દરમિયાન તા. ૯ નવેમ્બર ૧૯૬૨ના રોજ ધુવારણ ખાતે વિદ્યુત ઉત્પાદન કેન્દ્રનો પાયો નખાયો**

## ગુજરાતના ઔદ્યોગિક વિકાસનું મહત્વનું કેન્દ્ર ધુવારણ ગામમાં સ્થાપિત થર્મલ પાવર સ્ટેશન

ગુજરાતના વીજ ઉત્પાદન ક્ષેત્રે પણ ધુવારણ ગામ વિશેષ ઓળખ ધરાવે છે. ગામનો સૌથી મોટો વિકાસ વીજ ઉત્પાદન ક્ષેત્રે થયો હોવાનું સ્થાનિકો ગૌરવપૂર્વક જણાવે છે. બીજી પંચવર્ષીય યોજના દરમિયાન ધુવારણ થર્મલ પાવર સ્ટેશનનો પાયો નખાયો હતો અને ત્યારથી આ વિસ્તાર ગુજરાતના મહત્વપૂર્ણ ઊર્જા કેન્દ્ર તરીકે વિકસતો ગયો છે.

ધુવારણ થર્મલ પાવર સ્ટેશન સ્થાપિત થયા બાદ રાજ્યના વીજ પુરવઠામાં નોંધપાત્ર વધારો થયો હતો. એક સમય એવો હતો જ્યારે ધુવારણ થર્મલ પાવર સ્ટેશન ગુજરાતનું સૌથી મોટું વીજ ઉત્પાદન કેન્દ્ર ગણાતું હતું. રાજ્યના અનેક શહેરો, ઉદ્યોગો અને ગ્રામિણ વિસ્તારો સુધી વીજળી પહોંચાડવામાં આ પાવર સ્ટેશનની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી. સ્થાનિક વડીલો આજે પણ પાવર સ્ટેશનના નિર્માણ બાદ ગામમાં આવેલા પરિવર્તનોને વિકાસની નવી શરૂઆત તરીકે યાદ કરે છે.



સમય સાથે ટેક્નોલોજીમાં આવેલા પરિવર્તનને અનુરૂપ ધુવારણ પાવર સ્ટેશનમાં આધુનિકીકરણ કરવામાં આવ્યું છે. હાલમાં અહીં ગેસ આધારિત બોઇલરો દ્વારા વીજ ઉત્પાદન કરવામાં આવે છે, જેના કારણે ઊર્જા ઉત્પાદન વધુ કાર્યક્ષમ અને પર્યાવરણમિત્ર બન્યું છે. રાજ્યની ઊર્જા જરૂરિયાતોને પહોંચી વળવામાં આ કેન્દ્ર આજે પણ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. ધુવારણ થર્મલ પાવર સ્ટેશન માત્ર વીજ ઉત્પાદન પૂરતું મર્યાદિત નથી રહ્યું; તેણે ગુજરાતના ઔદ્યોગિક વિકાસને ગતિ આપવાનું કામ પણ કર્યું છે. સતત વીજ પુરવઠાથી ઉદ્યોગોને પ્રોત્સાહન મળ્યું, રોજગારીની તકો ઊભી થઈ અને આસપાસના વિસ્તારોના આર્થિક વિકાસમાં પણ વધારો થયો હતો.

## ધુવારણ ટાઉન ટોક

### -: ધુવારણ ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 1529 |
| કુલ વસ્તી | 8043 |
| કુલ પુરૂષો | 4168 |
| કુલ સ્ત્રીઓ | 3875 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 83.68 |
| પુરૂષ સાક્ષરતા દર | 93.75 |
| સ્ત્રી સાક્ષરતા દર | 72.81 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 358 |
| ખેત મજૂર | 918 |
| સીમાંત વર્ગ | 263 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 356 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 686 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 3671 |
| ગાય | 779 |
| ભેંસ | 2722 |
| અન્ય | 170 |

### -: જમીન ક્ષેત્રફળ :-

1279 હેક્ટર 55 આરે 01 ચોરસ મીટર
કાયમી ગૌચર અને ચરણ 11 હેક્ટર 80 આરે 71 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 05 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 01 |
| વિદ્યાર્થીઓ | 1889 |

### -: પીવાના પાણીની સવલત :-

ઘરે ઘરે નળ કનેક્શનની સંખ્યા 410

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 1529 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 05 |
| ખેતી વિષયક જોડાણ | 00 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

એલપીજી ગેસ ધારકો 913

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 00 |
| BPL કાર્ડ ધારકો | 00 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 00 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 03 |
| વિધવા સહાય | 156 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 00 |